સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી અમદાવાદ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિશા શ્રીમાળી શ્રાવક જ્ઞાતિ (મોટી જ્ઞાતિ) ની સાધારણ સભા સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૧ ને રવિવાર તા.30-03-૨૦૨૫ ના રોજ સવારના ૯-00 કલાકે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નીચેના કાર્યો સારું મળશે.

## એજન્ડા

(૧) દીપ પ્રાગટ્ય.

(૨) નમસ્કાર મહામંત્રનું તથા જ્ઞાતિના કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાનું સ્મરણ.

(3) તા.૧૬-૦૫-૨૧ ના રોજ ઓનલાઈન ઝૂમ એપ દ્વારા મળેલ સાધારણ સભાની મીનીટસનું વાંચન તથા તેને બહાલી આપવી.

(૪) વ્યસ્થાપક કમિટીએ જ્ઞાતિ અને ધર્માદા ટ્રસ્ટના સને ૨૦૨૦-૨૧, સને ૨૦૨૧-૨૨, સને ૨૦૨૨-૨૩ તથા સને ૨૦૨૩-૨૪ ના ઓડીટરે ઓડીટ કરેલા ઉપજ-ખર્ચના હિસાબો તથા તા.૩૧-03-૨૦૨૧, તા.૩૧-03-૨૦૨૨, તા.૩૧-03-૨૦૨૩ તથા તા.૩૧-03-૨૦૨૪ ના રોજનું ઓડીટ કરેલું સરવૈયું મંજુર કરેલ છે, તેને બહાલી આપવા સારું.

(૫) સને ૨૦૨૧-૨૨, સને ૨૦૨૨-૨૩, સને ૨૦૨૩-૨૪ અને સને ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે વ્યસ્થાપક કમિટીએ મે. હેમંત એન. શાહની ઓડીટર તરીકે તથા ઇન્ટરનલ ઓડીટર તરીકે શ્રી સત્યમભાઈ ત્રિવેદીની નિમણુંક કરેલ છે અને તેમનું મહેનતાણું નક્કી કરેલ છે. તેને બહાલી આપવા સારું.

(૬) પ્રમુખશ્રીની મંજુરીથી માનદમંત્રીશ્રી જે કાઈ કાર્યો રજુ કરે તે બાબતે ચર્ચા-વિચારણા કરી યોગ્ય કરવા.

તા.૨૧-0૨-૨૫

(દેવલભાઈ નરેન્દ્રભાઈ શેઠ)
શેઠશ્રી

બિડાણ : ઉપર જણાવ્યા પ્રમાણેના હિસાબો.

નોંધ :-

**(૧)** બંધારણની કલમ-૫૯ અનુસાર મીટીંગમાં કોરમ પુરતી હાજરી નહિ થાય તો અર્ધા કલાક પછી નોન-કોરમ મીટીંગ જાહેર કરી કામકાજ હાથ ધરવામાં આવશે.

**(૨)** ઓડીટેડ એકાઉન્ટસ તથા સરવૈયા જ્ઞાતિની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. તેના ઉપરથી પણ લાણાદાર સભ્ય ભાઈ-બહેનો જોઈ શકશે તથા પ્રિન્ટ આઉટ લઈ શકશે.

**(3)** કોઇપણ લાણાદાર સભ્યોને ઉપરોક્ત વર્ષોના ઓડીટેડ સરવૈયા જોઈતા હોય તો તેઓએ તા.૨૨-૦૩-૨૦૨૫ સુધીમાં જ્ઞાતિની ઓફિસે લેખિત અરજી કરી અને મેળવી લેવા.

**(૪)** કોઇપણ લાણાદાર સભ્યોને ઉપરોક્ત વર્ષોના હિસાબો સંબંધી કોઇપણ વિશેષ માહિતી જોઈતી હોય તો તેમણે જ્ઞાતિને લેખિતમાં તા.૨૨-૦૩-૨૦૨૫ સુધીમાં તેમની અરજી આપવાની રહેશે જે મળ્યેથી સદર માહિતી આપવામાં આવશે.